Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

# -:પ્રેમાનંદનાં આખ્યાનોમાં ભારતીયતાનું નિરૂપણ:-

ડૉ.આઇ.એમ.ભાના*

વિશ્વના કોઈપણ દેશના સાહિત્યમાં જે તે દેશની પ્રજાના સંસ્કારો, ધર્મ, રીતરિવાજો, પરંપરા, જીવન પ્રતિબિંબિત થતા હોય છે. એમ પ્રેમાનંદનાં આખ્યાનોમાં ભારતીય પ્રજાના સંસ્કારો, ધર્મ, રીતરિવાજો, પરંપરા, પ્રતિબિંબિત થયેલાં જોવા મળે છે. અપભ્રંશકાળ પછી જે લોકો સંસ્કૃત ભાષા જાણતા ન હતા તેમને માટે ગાઇ બજાવીને કહેવામાં આવતાં આખ્યાન સાહિત્ય સ્વરૂપે ધર્મભાવના, ઇશ્વરપ્રત્યેની શ્રધ્ધા, સામાજિકમૂલ્યો ટકાવી રાખવામાં તથા પ્રજાને એકસૂત્રમાં બાંધી રાખવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. પ્રશિષ્ટ સંસ્કૃતમાં રચાયેલા ધાર્મિક ગ્રંથોથી અપભ્રંશકાળ આવતાં આવતાં સામાન્ય પ્રજા દૂર નીકળી ગઇ. સંસ્કૃત ભાષામાં રચાયેલા આ સાંસ્કૃતિક વારસાને ગુજરાતી ભાષાના મધ્યકાળમાં ગુજરાતી ભાષામાં ઉતારવાનો ભગીરથ પ્રયત્ન તે સમયના કવિઓએ કરેલો એમાં પ્રેમાનંદનો ફાળો બહુમૂલ્ય રહ્યો છે. પ્રેમાનંદના આ યોગદાનને બિરદાવતાં 'નળાખ્યાન'ની પ્રસ્તાવનામાં સંપાદક શ્રી અનંતરાય મ. રાવળ નોંધે છે કે “..........મધ્યકાળના ગુજરાતી આખ્યાનોએ આપણી પ્રજાનાં ધર્મ સંસ્કાર તથા ભક્તિ ભાવના જાગતાં રાખ્યાં અને પોષ્યાં છે. શાસન મુસલમાનોનું હતું છતાં લોકોની ધર્મભાવના, આચારવિચાર, જીવનદર્શન, એમનાં વ્રતો, ઉત્સવો, કથાઓ, વગેરે એના એજ રહયાં એનો ઘણો જશ આખ્યાનકારોનેય જાય. સ્વ.કનૈયાલાલ મુનશીએ પ્રેમાનંદને ગુજરાતની નાનકડી રંગભૂમિ પરનો વ્યાસ કહી, એજ વર્ગનો પ્રતિનિધિ હતો તે વર્ગની ધર્મ સંરક્ષણ અને સંસ્કાર સાતત્યની સેવાને બિરદાવી છે.” પૃ.૧૦ રાજ્યશાસન મુસ્લિમોનું હોવાથી સંસ્કૃત ભાષા, સાધુઓને રાજ્યાશ્રય મળતો બંધ થયો હવે એમને લોકાશ્રયી થવું પડયું. રાજકીય, સામાજિક કારણોસર સાહિત્ય સર્જનમાં પરિવર્તન આવ્યું. અખ્યાનકારોએ રાજકીય સામાજિક ઉથલપાથલના દોરમાં લોકહૈયામા ધર્મદીપ જલતો રાખ્યો, કથાઓ દ્વારા લોકરંજનતો કર્યું એ થકી શ્રધ્ધાને બળવત્તર બનાવી.

વડોદરામાં જન્મેલા સત્તરમાં સૈકાના સાતમાં દાયકામાં ચાર્તુવંશી બ્રાહ્મણ પ્રેમાનંદે નરસિંહ દ્વારા નાખવામાં આવેલા આખ્યાન પ્રકારના બીજને મોટું વટવૃક્ષ બનાવ્યું. પ્રેમાનંદ પૂર્વે શામળ, વિશ્વનાથ જાની, નાકર, વિષ્ણુદાસ વગેરે એ આખ્યાન સાહિત્ય પ્રકાર પર પોતાનો હાથ આજમાવ્યો હતો. પણ જે સફળતા પ્રેમાનંદને મળી એવી સફળતા બીજા આખ્યાનકારોને ન મળી. જોકે આખ્યાનને લોકપ્રિય-લોકભોગ્ય બનાવવામાં કવિ પ્રેમાનંદની વ્યક્તિગત પ્રતિભાનો પણ એટલો જ મહત્વનો ફાળો રહ્યો છે. આજે પણ લોકો પ્રેમાનંદનાં આખ્યોનોનું શ્રવણ-પઠન કરે છે એના પરથી જ આ સાહિત્ય પ્રકારની લોકપ્રિયતાનો અંદાજ લગાવી શકાય. પ્રેમાનંદના સર્જન તરફ દૃષ્ટિપાત કરીએતો 'અભિમન્યુ આખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન', 'ઓખાહરણ', 'સુદામાચરિત્ર', 'રણયજ્ઞ','નળાખ્યાન', 'સુધન્વાખ્યાન', 'કુંવરબાઇનું મામેરું' જેવી એમની મુખ્ય રચનાઓ છે. પ્રેમાનંદના આખ્યાનોમાં ધાર્મિકકથા સાથે સીધું અનુસંધાન હોવાથી ભારતીયતાના લક્ષણો ઊડીને આંખે વળગે એ રીતે આલેખન પામ્યાં છે. અનંતરાય મ. રાવળ મધ્યકાળમાં આખ્યાન સ્વરૂપે અને આખ્યાનકારોએ કરેલી સમાજસેવાને બિરદવતાં નોંધે છે.

તે વાત પ્રેમાનંદનાં આખ્યાનોને પણ લાગુ પાડી શકાય. “મધ્યાકાળમાં આખ્યાને આમ ગુજરાતીભાષા-સાહિત્યની સેવા બજાવી છે જ, તે સાથે એણે લોક સમાજની સંસ્કાર સેવા પણ ઘણી કરી છે. હિંદુ ધર્મ, તત્વજ્ઞાન અને સંસ્કૃતિના ઉત્તમ અંશોને અને તેનાં સારભૂતતત્વોને મિત્ર માફક ઉપદેશ આપતી કથા – આખ્યાયિકાઓ દ્વારા જનહૃદયમાં પેસાડી દેવાની પ્રાચીન સમયમાં પુરાણોએ બજાવેલી સેવાની જ આ મધ્યાકાલીન લૌકિક લઘુ આવૃત્તિ કહેવાય.” પૃ.૪૫ ધર્મ ભાવના જાગૃત કરવાનું કામ સંસ્કૃત સાહિત્યમાં વિશાળફલક પર જયારે ગુજરાતી સાહિત્યમાં પ્રેમાનંદ અને અન્ય કવિઓ દ્વારા નાના ફલક પર કામ થયું.

આખ્યાનનો પ્રારંભ કવિ મંગલાચરણથી કરતો હોય છે. ઇષ્ટિદેવની આરાધના કરી કાવ્યરચના- ગ્રંથરચના કરવાની પરંપરા-કવિ પ્રણાલિકા સંસ્કૃત કાળથી ચાલી આવતી અને આ પરંપરા છેક મધ્યકાળના અંત સુધી સચવાયેલી જોવા મળે છે.

---

*ડૉ.આઇ.એમ.ભાના., જે.એમશાહ કોલેજ.,જંબુસર

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

વિઘ્નહર્તા દેવ ગણપતિની- વિદ્યાની દેવી સરસ્વતી આરાધના કરી જે રચના પદબંધ કરવા ધારી છે એમાં કોઇ વિઘ્ન ન આવે અને રચના પૂર્ણ થાય એવી મનોકામના કરી રચના કરવા તરફ કવિ આગળ ધપે છે. કોઇપણ કાર્યની શરૂઆત ભગવાનના નામ સાથે કરવામાં આવેતો તેનાં પરિણામ શુભ આવે એવી ભારતીય માન્યતા અહીં પડઘાતી જોવા મળે છે.

આખ્યાનને અંતે આવતી ફળશ્રુતિમાં પણ કવિ પ્રેમાનંદ ભક્તિનો મહિમા બતાવે છે. આખ્યાનના શ્રવણ પઠનથી થતા લાભનું વર્ણન કરી આખ્યાનની રચના જે કથાને આધારે કરવામાં આવી હોય એ કથાના મર્મને ધ્યાનમાં રાખી ફળશ્રુતિ લખે છે. 'રણયજ્ઞ'માં આખ્યાન સાંભળનારના પાપ દૂર થશે-પુણ્ય મળશે ".... ત્યમ તમને રાખે શરણેજી' રામ શરણમાં રાખશે. તો 'સુદામા ચરિત્ર' અને 'કુવરબાઇનું મામેરું'માં દુ:ખ, ગરીબી દૂર થાય, "ઓખાહરણ"માં ટાઢિયો, કાળજ્વર, તરિયો આ બધા તાવ તો જાય જ. 'કૃપા કરે જગદીશ' ઇશ્વરની કૃપા-મહેર પણ થાય આમ આ ફળશ્રુતિઓ પ્રભુ પ્રત્યેની શ્રધ્ધાને વધારે દ્રઢ બનાવે છે.

**-:માતા પિતાની શિખામણ-આશીર્વચન:-**

ભારતીય સમાજમાં માતાપિતાને ભગવાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. તેમની આજ્ઞાને માથે ચડાવવી એ દરેક પુત્રનું પરમ કર્તવ્ય ગણવામાં આવ્યું છે. 'રણયજ્ઞ' માં માતાપિતાનું વચન પાળવા, "રાજ્ય ત્યજું રઘુનાથ" પૃ.૬૪. માતપિતાની આજ્ઞાનું પાલન કરવા પોતાની રાજગાદીનું પણ રામે બલિદાન આપી દીધું હતું. રામના પાત્ર દ્વારા માતાપિતાના આદેશનું મહત્વ સમજાવ્યું છે. 'નળાખ્યાન' માં સ્વયંવર રચી દીકરીને જાતે જ વર પસંદ કરવાની દમયંતીના પિતા જ છૂટ આપે છે અને માથે હાથ મૂકી આશીર્વાદ આપે છે કે 'કાલે વરને વરજે તુંજ' તો 'ઓખાહરણ'માં દીકરીને વિદાય આપતાં સંસ્કારી પિતા જે શિખામણ આપે છે. તે જોતાં આપણને ખ્યાલ આવેકે ભારતીય સંસ્કૃતિમાં સંસ્કાર એક પેઢી થી બીજી પેઢી સુધી કઇ રીતે સંક્રાંત થયા હશે. કુટુંબ પ્રત્યેની ભાવના ટકી રહે તે માટે સંયુક્ત કુટુંબમાં કઇ રીતે જીવવું શિખામણ આપતાં કહે છે.

"શી શિખામણ દેઉ, દીકરી ! અમારી લાજ વધારજે
પ્રીતે પતિ આજ્ઞા આપે તો પિયરભણી પધારજે" પૃ.૭૧
'સાસુ સસરો કહેતો ' ' કરી ઉત્તર વાળીએ
એમ ઓખાને વિદાય આપી, વર્ત્યો જય જયકાર' પૃ.૭૨

આશીર્વાદ આપી દીકરીને આશ્વાસન આપે છે કે ઇશ્વર બધીજ મુશ્કેલીઓ દૂર કરશે તો સાથે જ કુટુંબના સભ્યો સાથે કેવી રીતે વાત કરવી; પર પુરુષ સાથે કેવો વ્યવહાર કરવો. પતિ પહેલાં જમવા ન બેસવું, ઉઘાડા માથે ન ફરવું વગેરે શિખામણ આપે છે. આ પ્રમાણેની સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ભારતમાં જ છે અને આ વ્યવસ્થા લાગણીના તંતુએ બંધાયેલા સબંધોને લીધે આજે પણ ટકી રહી છે. પશ્ચિમના દેશોમાં આ પ્રકારની કુટુંબ વ્યવસ્થાનું જ અસ્તિત્વ નથી, સંયુક્ત કુટુંબની પરિકલ્પના એ ભારતની દેન છે. જુગારમાં રાજ્ય હારી જતાં દમયંતી બાળકોને મોસાળ મૂકવા જાય છે. અને કહે છે. 'સહેજો મામીની ગાળ' હવે તમારે પારકાંને આશરે જીવવાનું છે. તો ત્યાં કઇ રીતે રહેવું તેની સમજ આપે છે.

**-:ભારતીય રીતરિવાજો-માન્યતાઓનું નિરૂપણ:-**

વિશ્વમાં દરેક સમાજની આગવી માન્યતા-રૂઢિઓ હોય છે. ભારતમાં પ્રચલિત એવી માન્યતાઓમાં પ્રેમાનંદનાં આખ્યાનોના પાત્રો પણ માનતા જોઇ શકાય છે. 'અભિમન્યુ આખ્યાન' માં ઉત્તરા અભિમન્યુને યુધ્ધક્ષેત્રે જવાની ના પાડે છે. ના પાડવા પાછળ કંઇક અનિષ્ટ થશે એ માટેના કેટલાંક કારણો પણ આપે છે "આંખડી મારી જમણી ફરકે; હૃદિયા મારું ઉચાટે ઊધર કે" પૃ.૧૦૬ પં.૧૧ ઉત્તરાનું હૃદય ઉચાટ અનુભવે છે જમણી આંખ ફરકે છે. કશુંક અજુગતું બનશે માટે યુધ્ધક્ષેત્રે અભિમન્યુને જવા દેવા માગતી નથી તો વળી 'રણયજ્ઞ' માં રાવણપત્ની મંદોદરી રામ સામે રાવણને યુધ્ધે ઉતરવાની ના પાડે છે. અને વિનંતી કરતાં કહે છે.

'આજનો તે દહાડો રે હો, લાગે મને ધૂંધળો,
દિસે ઝાંખો દીનકર દેવ, હો રાણા જી" પૃ.૭૩

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કાંઇ શુકન માઠેરા થાય, હો રાણા જી – પૃ.૭૩

મંદોદરી દુ:સ્વપ્નમાં શું જોયું તેની વાત કરતા કહે છે ગાય, કાગડા, કૂતરાં રડી રહ્યાં છે, દીશાઓ ધૂંધળી સૂર્યપણ ઝાંખો પડી ગયેલો લાગે છે. સમંદર સૂકાઇ ગયેલ, નદીઓ લોહીથી ભરેલી, સ્ત્રીઓ વિધવા અને લંકા માં આગ લાગેલી જુએ છે. ‘ચંદ્રહાસાખ્યાન’ માં ચંદ્રહાસ માતપિતા ને પગે લાગી કૌંતલપુર જવા નીકળે છે. રસ્તામાં વૈષ્ણવજન, કાળીગાય, બ્રાહમણો, હરિનામ લેતો સાધુ સામે મળે છે.

‘વાટમાં વૈષ્ણવ જનને, મંડાયો શુભશુકન જી

કાળી કપિલા ધેનું મળી, વળી વચ્છ જેહને સંગ જી’ પૃ.૭૧

ભારતીય પ્રજાની માન્યતાનું આલેખન જોઇ શકાય છે. જમણી આંખ ફરકે તો અપશુકન, ડાબી ફરકે તો શુકન, કામે જતાં રસ્તામાં ગાય, સાધુજન મળે તો, કામ થશે જ એવા શુભ શુકન. જન્મ, નામકરણ, લગ્ન, મરણ જેવાં પ્રસંગોએ સમાજમાં પ્રચલિત રીતરિવાજોનું, જીવાતા જીવનના ભાવોનું આલેખન પ્રેમાનંદ આખ્યાનોમાં થયેલું જોવા મળે છે. ભારતીય પરંપરા પ્રમાણે માતાના આચરણનો ગર્ભમાં રહેલા બાળક પર પણ પ્રભાવ પડતો હોય છે. ‘અભિમન્યુઆખ્યાન’માં ગર્ભમાં રહેલા અભિમન્યુને કૃષ્ણ છ કોઠાનું જ્ઞાન આપે છે. “જે જે ભેદ કહયો ભગવાનેતે ગર્ભે ગોખ્યો મુખ્યજી” પૃ.૮૨ પં-૧૧ સઘળી બાબતો અભિમન્યુ માતાના ગર્ભમાં જ શીખી લે છે. ‘ચંદ્રાહાસાખ્યાન’માં જન્મોતરી નામકરણ સંસ્કાર વિધિ કરવા બ્રાહમણને બોલાવવામાં આવે છે. નામકરણ ભારતીય પરંપરા પ્રમાણેના સોળ સંસ્કારોમાંનો એક સંસ્કાર. જન્મોતરી લખી ઋષિ ઉવાચે છે. “હસી રહ્યું માટે નામ એહનું ધર્યું છે ચંદ્રહાસ” પૃ.૬૫ પં.૯ તો ચંદ્રહાસ પરણવા જાય છે ત્યારે હાથમાં શ્રીફળ, ગળે કાજલનું ટપકું, મીંઢળ બાંધે છે. મંગળફેરા, કન્યાદાન ગોત્રોચ્ચાર જેવા ભારતીય રીત રિવાજો આલેખન થયેલું જોવા મળે છે. ‘અભિમન્યુ આખ્યાન’માં અભિમન્યુને પીઠી ચોળાય, મંગળ ગવાય, જાન આવે સાસુ જાનને પોંખે તો કઇક વળગાડની આશંકાએ સુભદ્રા માટે ભૂવા ગાતરિયા વગેરે બોલાવવામાં આવે, ‘નળાખ્યાન’ માં દમયંતી પર કોઇની મેલી નજર બેઠી હોવાનું માની ભૂવા પાસે દાણા જોવડાવવાની વાત આવે તો પીઠી ચોળવી, કંકોતરી લખવી, નોતરું આપવું વગેરે ઉલ્લેખો આવે છે. પરણવા જતા રાજકુમારો શુભ ઘડી જોઇને રથ જોડતા જોવા મળે છે. સારા ચોઘડીયામાં કોઇ પણ કાર્યના શ્રીગણેશ કરવાની તે સમયની પ્રથાનું અનુસરણ. સારો વર મળે તે માટે વ્રત, બાધા આખડી સ્ત્રીપાત્રો રાખે છે. મનોકામના પૂર્ણ થાય તે માટે સાત દિવસ જળ ગ્રહણ ન કરવાનો પણ ઉલ્લેખ ‘ઓખાહરણ’માં આવે છે.

“આવ્યો ચૈત્ર માસ એમ કરતાં જો.

ઓખા બાઇ તે વ્રત આચરતાં જો. પૃ.૩૯ પં.૮

તો ભારતીય પરંપરામાં ગાંધર્વ વિવાહને સ્થાન છે તેનો ઉલ્લેખ પણ ‘ઓખાહરણ’ માં જોવા મળે છે. ‘ગાંધર્વ વિવાહ તતખણ કીધો’ પૃ.૪૭ મોસાળુ કરવાના પ્રચલિત રિવાજનો ઉલ્લેખ પણ આખ્યાનોમાં મળે છે ‘અભિમન્યુ આખ્યાન’માં કૃષ્ણ મોસાળું કરે છે તો ‘કુવરબાઇના મામેરું’માં પરમભક્તને આપેલા વચન મુજબ ‘ધાઇ આવીશ તત્કાળ’ ભક્તને મદદ કરે છે. પુરાણોમાં બ્રાહ્મણ અને સ્ત્રી હત્યાને પાપ ગણવામાં આવ્યું છે. આ બાબત આખ્યાનોમાં પણ જોવા મળે. જડબેસલાક સામાજિક રીતરિવાજો તથા ચૂસ્ત જ્ઞાતિપ્રથાના ઉલ્લેખો પણ આખ્યાનોમાં મળી રહે છે.

ભારતીય સભ્યતાની આગવી ઓળખ એ છેકે એક વ્યક્તિ બીજી વ્યક્તિને સામે મળે ત્યારે વંદન, પ્રણામ, નમસ્કાર કરી એક બીજાનું અભિવાદન કરતા હોય છે. પ્રેમાનંદનાં આખ્યાનોમાં જોઇએ તો જયારે એકબીજા પાત્ર સામે મળે છે. ત્યારે વંદન, પ્રણામ, નમસ્કાર કરી એકબીજાનું અભિવાદન કરતા જોવા મળે છે. આ પ્રકારનું અભિવાદન માત્ર કોઇ બાહ્ય પ્રક્રિયા નથી પણ એકબીજા માનવના હૃદય ને જોડી આપતી હૃદયસંવાદની પ્રક્રિયા છે. તે ઉપરાંત આ આખ્યાનોનાં પાત્રો પરંપરા મુજબ બ્રાહ્મણ, ઋષિ, વડિલોને પગે લાગી આશીર્વાદ મેળવતા જોવા મળે છે.

આખ્યાનોમાં કુટુંબવ્યવસ્થા:

જગતભરની કોઇપણ સભ્યતા કરતાં ભારતીય પ્રજાની કુટુંબભાવના તદન ભિન્ન પ્રકારની છે. આપણેત્યા સંયુક્ત કુટુંબ વ્યવસ્થા હોવાને કારણે કુટુંબના બધાજ સભ્યો સ્નેહ-લાગણીનાં બંધન જોડાયેલાં રહે છે. ‘નળાખ્યાન’માં પતિ નળ જુગારમાં રાજપાટ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

હારી જતાં વનમાં જવાનું થાય છે તો દમયંતી પણ સાથે વનમાં જાય છે. વિપદ પડતાં જંગલમાં દમયંતીને એકલી મૂકી નળ ભલે જતો રહે છે. તો પણ દમયંતી સાતભવ સુધી નળનો સાથ નિભાવવાની વાત કરે છે. 'રણયજ્ઞ'માં સીતા પણ રામ સાથે વનમાં જઇ વનવાસ ગાળે છે. ભારતીય પરંપરા મુજબ પત્ની પોતાના પતિને દુ:ખમાં સાથ આપે છે. અગ્નિદેવની સાક્ષીએ સાતફેરા લીધા પછી પત્ની; પડછાયાની જેમ દરેક સુખ દુ:ખમાં પતિ સાથે રેહતી હોય છે. નળ –દમયંતી, રામ-સીતા, સુદામા અને તેની પત્ની યુગલની સાચી વિભાવના આ આખ્યાનોમં જોવા મળે છે. અન્ય દેશોમાં નજીવી બાબત પર છૂટાછેડા થઇ શકે પણ ભારતમાં લગ્નની ગાંઠ એટલી મજબૂત સાતભવના બંધન. 'કુંવરબાઇનું મામેરું'માં પ્રેમાનંદે કુટુંબ વ્યવસ્થા-સમાજના પ્રશ્નોની ચર્ચા કરી છે. દીકરીને કુટુંબમાં, સમાજમાં નીચું જોવાનો વારો ન આવે એટલે ભક્ત નરસિંહ પણ મોસાળુ કરવા માટે જાય છે. સાસુ, સસરા, વડસાસુ, નણંદ, જેઠાણી વગેરે પાત્રો અહીં કુટુંબ વ્યવસ્થાના દર્પણ સમાં છે. 'સુદામા ચરિત્ર'માં સુદામાની પત્ની તેને પોતાના માટે નહીં પણ ભૂખ્યાં બાળકો માટે કૃષ્ણ પાસે યાચવા માટે મોકલે છે. અજાચક વ્રતને ધારણ કરનાર સુદામા જવાબદાર પતિ, પિતૃવત્સલ પિતા બની યાચવા માટે પણ જાય છે.

ભારતીય માન્યતા પ્રમાણે કન્યાદાન કરવાથી જ કન્યાના પિતાને મોક્ષની પ્રાપ્તિ થાય. 'ઓખાહરણ'માં ઓખાના પિતા કન્યાદાન કરી ધન્યતાની લાગણી અનુભવે છે. ભાઇ બહેનના સ્નેહના બંધનને કૃષ્ણ મોસાળુ કરી ઉજાગર કરે છે. તો ઓખાહરણમાં ચિત્રલેખા કૃષ્ણનું ચિત્ર દોરે તો ચિત્ર જોઇને ઓખા ભારતીય પરંપરા મુજબ લાજ કાઢે છે. 'નળાખ્યાન'માં નળ હંસને પકડે છે. ત્યારે 'વ્હાલી સ્ત્રીએ પૂ  સવ્યો છે મેં તે હે નું મુખ નથી જોયું' કુટુંબવાત્સલ્યનું અદભુત ચિત્ર થોડાજ શબ્દોમાં પ્રેમાનંદ ઊભું કરી આપે છે. પિતા-પુત્રી, માતા-પુત્રી, ભાઇ-બહેન, સાસુ-સસરા વગેરે સંબંધો સમાજ કેવા હોય છે. તેનું આલેખન આ આખ્યોનોમાં થયેલું જોવા મળે છે. 'કુંવરબાઇના મામેરું' માં કુવરબાઇને આશ્વાસન આપતાં કે પછી સંયુક્ત કુટુંબમાં કઇ રીતે જીવવું એની સલાહ આપતા પિતા, 'ઓખાહરણ'માં દીકરીનું કન્યાદાન કરતા પિતા, આ બધા પ્રસંગો કુટુંબ વાત્સલ્યના રોચક દ્રશ્યો કહી શકીએ.

-:આખ્યાનોમાં ચમત્કારનું તત્વ-ભગવાનનો મહિમા:-

ભારતીય સંસ્કૃતિના જ્ઞાનના ભંડાર સમા પ્રાચીન ગ્રંથો 'રામાયણ', 'મહાભારત', ઉપનિષદ સાથે સામાન્ય પ્રજાનું અનુસંધાન જળવાઇ રહે તે માટે પ્રેમાનંદના આખ્યાનોએ સંસ્કાર સીંચનનાં સેતુનું કામ કર્યું છે. આ આખ્યાનોમાં ઇશ્વર-દેવી દેવતાઓ પ્રત્યેની અનન્ય શ્રધ્ધાનો રણકો સંભળાય છે. સુદામા કૃષ્ણને મળવા દ્વારિકા જાય મહેલમાં દાખલ થતાં દ્વારપાળ રોકે તો સુદામા ઉત્તર આપે 'મુજને હરિદર્શનનું મન' પૃ.૭૨ કૃષ્ણ તો અંતરયામી તરત જ જાણી જાય અને સુદામાની દરિદ્રતાને દૂર કરે, 'ચંદ્રાહાસાખ્યાન'માં ચાંડાળો વચ્ચે ઘેરાયેલો બાળ ચંદ્રહાસ પ્રભુનું સ્મરણ કરે અને પ્રભુ મદદે આવી તેને બચાવી લે. તો 'કુંવરબાઇનું મામેરું'માં પોતાના ભક્ત જીવનમાં આવેલી કટોકટીની ઘડીએ આવી, કૃષ્ણ ભક્તની આબરુ બચાવી લે છે. નરસિંહ ઉષણોદકના સમોવણ માટે હરિ નામનું સ્મરણ કરતાં જ વરસાદ આવે. ભાભીના મહેણાં થી દુ:ખી નરસિંહ અપૂજ લિંગ પાસે તપસ્યા કરે, ભગવાન શંકર 'કમલની પેરે લિંગ વિકાસ્યું' મહાદેવ દર્શન આપે. પૃ.૮૮, આ સઘળા ચમત્કારો દ્વારા આખ્યાનકાર શ્રોતાઓને બતાવવા માગે છે કે જે ભક્ત હ્રદયપૂર્વક પ્રભુની આરાધના કરે છે. એના પર પ્રભુ અવશ્ય પ્રસન્ન થાય છે. અને જ્યારે ભક્તના જીવનમાં કોઇ વિપદા આવી ઊભી રહે છે ત્યારે ઇશ્વર જરૂર મદદે આવે છે. 'કુવરબાઇનું મામેરું'માં શ્રધ્ધા-અશ્રધ્ધા વચ્ચેના સંઘર્ષમાં અંતે થતો શ્રધ્ધાનો વિજય થાય છે. 'અભિમન્યુ આખ્યાન'માં દૈત્યોના રાજા બાણાસુરને પણ શિવજી અમરત્વનું વરદાન આપે છે. આ ચમત્કારો બતાવવા પાછળનો શુભાશય ભક્તિ, ધર્મ પર, ઇશ્વર પ્રત્યેનો સામાન્ય જનતાનો વિશ્વાસ ટકાવી રાખવાનો જોઇ શકાય છે. ભગવાન, દેવીદેવતાઓની કૃપાવાંછના કરી જીવતા સામાન્ય માણસો આખ્યાનનું શ્રવણ કરી પુણ્ય પામ્યાનો સંતોષ અનુભવે છે. તો દરેક આખ્યાનને અંતે આવતી ફળશ્રુતિ પણ ધાર્મિક ગ્રંથો અને ઇશ્વર પ્રત્યે શ્રધ્ધા-આસ્થાને દ્રઢ કરવા માટે જ પ્રયોજી છે એ જોઇ શકાય છે.

**-:આખ્યાનોમાં મોક્ષ,કર્મફળનું નિરૂપણ:-**

ભગવદ્ ગીતાના કર્મના સિધ્ધાંત મુજબ માનવી જેવા કર્મ કરે તેવાં જ તેને ફળ મળે અને આવતા જન્મે કેવો અવતાર મળશે તે બાબત પણ આ જન્મના કર્મફળ આધાર રાખે છે. પ્રજા ધર્મ પરાયણ બને શ્રોતા આખ્યાન શ્રવણ થકી જીવનની દિશા નક્કી કરી શકે

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

તે માટે આખ્યાનકાર કર્મફળની વાત કરે છે. 'ચંદ્રાહાસાખ્યાન' માં ધૃષ્ટબુધ્ધિ ખરાબ કામ કરે છે તો એનું ફળ પણ એને મળી જ રહે છે. 'રણયજ્ઞ'માં પરસ્ત્રી પર નજર બગાડનાર વિવેક ચૂકનાર રાવણનું પતન થાય છે. 'નળાખ્યાન'માં જુગાર રમશો તો નળની માફક વિપદાઓનો સામનો કરવો પડશે. 'સુદામા ચરિત્ર' અને 'કુંવરબાઇનું મામેરું'માં જો કોઇ ભગવાનના પરમ ભક્તનો ઉપહાસ કરશેતો સમાજમાં એવી વ્યક્તિને નીચાજોણું થશે. 'નળાખ્યાન'માં હંસ કર્મફળની વાત કરે છે. સુદામા પણ ભૂતકાળમાં ચોરીને અન્ન ખાધાના કારણે ગરીબી દરિદ્રતા આવી છે તેવી કબૂલાત કરે છે. સત્કર્મનો અંત સારો અને ખારાબ કર્મનો અંત ખરાબ, આ પ્રમાણે કવિન્યાય તોળી કવિ લોકોને સદ્કર્મ કરવાની સદમાર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. 'નળાખ્યાન'માં પૂર્વજન્મ, કર્મફળના ઉદાહરણ મળી રહે છે. 'હું બ્રાહ્મણને તું ભીલ રાય, પૂર્વજન્મની કહું કથાય;' પૃં.૩૯ પં.૫૯ હંસ પોતાના પૂર્વ જન્મની કથા કહે છે. કર્કોટક નાગ પોતાને ઋષિને શાપ મળ્યાની વાત કરે છે.

બોલ્યો નાગ કરીને પ્રણામ 'રાય મારું કર્કોટક નામ

હું પ્રાચીન કર્મે પામ્યો સંતાપ, સપ્ત ઋષિએ મને દીધો શાપ' પૃં. ૬૯ પં.૧ તો હંસ પૂર્વજન્મની કથા કહે છે. તેમાં

"મારે ઘેર દુ:ખી મહા હું, કાશી કરવત મુકાવવા જાઉ" પૃં.૩૪ પં.૧૦ કાશીમાં મૃત્યુ થાયતો સ્વર્ગ મળે એ પરંપરાગત માન્યતા પણ જોઇ શકાય.

**-:ગુરુ તથા બ્રાહ્મણનો આદર:-**

જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરનાર, અજ્ઞાનના અંધકારને વિદારનાર તરીકે ભારતીય તત્ત્વચિંતન પરંપરામાં ગુરુનો અપાર મહિમા કરવામાં આવ્યો છે. ભક્તને પ્રભુ સુધી પહોંચાડવાનું કાર્ય સદગુરુ જ કરી શકે. આવા ગુરુનો મહિમા પ્રેમાનંદના આખ્યાનોમાં પણ નજરે પડે છે. ગુરુકુળમાં રહી અભ્યાસ કરવાની પરંપરા માત્ર પ્રાચીનકાળમાં ભારતમાં હતી. સાંદિપની ઋષિને ત્યાં રહી કૃષ્ણ-સુદામાએ સાથે અભ્યાસ કર્યો હતો. 'સુદામા ચરિત્ર'માં સુદામા કૃષ્ણને મળવા દ્વારિકા જાય છે ત્યારે બાળપણનાં સંસ્મણોને વ્યક્ત કરતું પદ 'મને સાંભરે રે...... તેને કેમ વિસરે રે' માં મિત્રતાનો મહિમાગાનતો ખરો તો સાથે તેમાં ગુરુપ્રત્યેનો આદરભાવ પણ ખરો જ. મૃત્યુ પામેલ ગુરુપુત્રને જીવતો કરી આપે એવી ગુરુદક્ષિણા સાંદિપની ઋષિ કૃષ્ણ પાસે માગે છે ત્યારે કૃષ્ણ યમલોકમાંથી ગુરુપુત્રને પુન:જીવિત કરી લઇ આવે છે. ગુરુ માટે કાંઇપણ કરી છૂટવાની શિષ્યે તત્પરતા દાખવવી જોઇએ એ વાતનો પડઘો અહી પડતો જણાય છે. 'નળાખ્યાન'માં ભલે દમયંતી પૂર્છાપામી પણ ભાનમાં આવતાંજ 'મૂર્છાથી મહિલા જાગી, પૂછયું ગુરુને પગે લાગી' પૃ.૯૨ માં પણ ગુરુ પ્રત્યેનો આદર વ્યક્ત થયેલો જોઇ શકાય છે. 'ચંદ્રાહાખ્યાન'માં નામકરણના પ્રસંગે બ્રાહ્મણને આદર સત્કારપૂર્વક બોલાવી તેને દાન દક્ષિણા આપવામાં આવે છે. ઋષિજન, મુનિજન, બ્રાહ્મણો, તપસ્વીઓનો આદર સત્કાર ભારતમાં પ્રાચિનકાળથી જ થતો આવ્યો છે. સુદામા ચરિત્રમાં તો સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે 'જે સુદામાના પગ પખાળશે તે રાણી મને સૌથી વ્હાલી રે' તો 'ચંદ્રાહાસાખ્યાન' ધૃષ્ટબુધ્ધિ જેવું ખલપાત્ર પણ ઋષિ પ્રત્યે આદરભાવ વ્યક્ત કરતો જોવા મળે છે. ઋષિને મળવા જાય છે ત્યારે રથમાં થાળ ભરીને દક્ષિણા લઇને જાય છે.

'સર્વે ઋષિજીની પૂજા કરવા ધૃષ્ટબુધ્ધિ તે આવ્યો.

પુષ્પ દક્ષિણા રથમાંહે તે થાળ ભરીને લાવ્યો. પૃ.૫૯

બ્રાહ્મણ, ઋષિન, ગુરુને ખાલી હાથે મળવા ન જવાય અને જો મળવા જાવતો ફળ, ઉપહાર લઇને જ જવું જોઇએ. એ પરંપરાનું અનુંસરણ અહીં જોઇ શકાય છે. બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શુદ્ર જેવી વર્ણવ્યવસ્થા આ આખ્યાનોમાં પણ કેટલાક પ્રસંગે જોવા મળે છે. 'ચંદ્રાહાસાખ્યાન'માં બાળ ચંદ્રહાસને મારી નાખવા માટે ચાંડાળો જંગલમાં લઇ જાય છે. ચંદ્રહાસનો વધ કરી નાખ્યો છે એ બતાવવા નિશાનીરૂપ ચંદ્રહાસના પગની છઠ્ઠી આંગળી કાપી લેવાનું નક્કી કરે છે.

'એંધાણ આપીએ અધર્મીને એનું અંગ તમો કોઇકાપો

અભડાયે નહિ માટે વેગળા રહીને.......... આપો' પૃ.૬૨

ધૃષ્ટબુધ્ધિને નિશાની આપવા ચાંડાળો દૂરથી અડ્યા વિના આંગળી કાપવાની વાત કરે છે. આભડછેટ પ્રથાનું સૂચન છે. પ્રેમાનંદના આખ્યાનોમાં પાત્રો બ્રાહ્મણને પગે લાગે છે. 'રણયજ્ઞ'માં ક્ષત્રિય ધર્મ નિભાવતાં રામ, પત્ની પરત મેળવવા રાવણ સામે

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

યુધ્ધે ચડે છે. 'અભિમન્યુ આખ્યાન'માં યુધ્ધક્ષેત્રે જવાની ના પાડતી ઉત્તરાને અભિમન્યુ ક્ષત્રિય ધર્મ નિભાવવો પડે એવો જવાબ આપે છે. વર્ણવ્યવસ્થા તે સમયના સમાજમાં હતી તે જોઇ શકાય છે. બીજા ધર્મના આક્રમણ સામે ટકી રહેવા માટેની મથામણના ભાગરૂપે ધાર્મિક રૂઢિ બધ્ધતા મધ્યકાળની પ્રજામાં પ્રવેશી હોય તેવું લાગે છે.

**વંશ પરંપરાની કલ્પના:-**

પુત્ર ન હોયતો વંશ અટકી પડે આપણે ત્યાં પુત્રને કુળદીપક માનવામાં આવે છે. વંશને આગળ ધપાવવો હોય તો પુત્ર હોવો આવશ્યક છે. વળી રાજા મહારાજા માટે તો ગાદીનો વારસ હોવો જ જોઇએ. આ આખ્યાનોમાં વંશ પરંપરાની પરિકલ્પના કંઇક આ રીતે વ્યક્ત થઇ છે. 'ચંદ્રહાસાખ્યાન'માં રાજા કુલિંદને કોઇ સંતાન નથી. એક દિવસ શિકારે દૂર જંગલમાં નીકળી જાય છે. ત્યાં ઝાડ નીચે તેને એક બાળક રડતું મળી આવે છે. રાજા પ્રભુની પરમ ભેટ તરીકે બાળકનો સ્વીકાર કરે છે. 'મુને શિવજી થયા કૃપાળ, પરમેશ્વરે આપ્યો કુમાર...... ઊઘાડિયાં મારાં વાંઝિયા બાર' બાળક મળતાં રાજા હાશકારો અનુભવે છે એને થાય છે કે હવે મારો વંશ આગળ વધશે. તો 'અભિમન્યુ આખ્યાન'માં આ જ વાત આ રીતે વ્યક્ત થઇ છે. 'વંશ તમારો હો રાખવો જાણીજી, તો શીઘ્રે હો ઉત્તરાને આણોજી' પૃ.૯૧ ઉત્તરાને આણું મોકલી તેડાવશો તો વંશ આગળ વધશે.

**પતિ-પત્ની વચ્ચેનો સંબંધ:-**

અગ્નિની સાક્ષીએ પતિ-પત્ની પવિત્ર બંધનમાં બંધાયા પછી પતિ-પત્ની એકબીજાના સુખ-દુ:ખને પોતાના ગણી લેતાં હોય છે. સુદામા ચરિત્રમાં સુદામાની સ્થિતિ એટલી ખરાબ છે કે મુઠી ધાનના પણ સાંસા પડે છે. પહેરવા માટે પૂરતાં કપડાં ન હોવા છતાં પત્ની-પતિનો સાથ છોડતી નથી. અજાચક વ્રત ધારણ કરનાર સુદામો પત્નીના કહેવાથી કૃષ્ણ સુધી યાચના કરવા પહોંચી જાય છે. 'નળાખ્યાન' માં અનેક વિપદાઓ છતાં દમયંતી નળનો જ સાથ વાંછે છે. 'રણયજ્ઞ'માં રાવણ પત્ની મંદોદરી રામનો મહિમા જાણતી હોવાથી રાવણને રામ સામે યુધ્ધ ન કરવાની વિનંતી કરે છે; જેથી એનો સંસાર સચવાઇ રહે. રામ પિતાની આજ્ઞા માની વનમાં જાય છે તો સાથે સીતા પણ પોતાના પતિના દુ:ખમાં ભાગીદાર થવા વનમાં જાય છે. સીતાનું હરણ થતાં પતિ રામ પણ પોતાની પત્ની માટે રાવણ સામે યુધ્ધ કરી પરત લાવે છે. પ્રેમાનંદના આખ્યાનોમાં સાતભવ સુધીના આ પવિત્ર બંધન પતિ-પત્ની બન્ને નિભાવવાની ખેવના રાખતા જોવા મળે છે.

**પૂર્નજન્મ:-**

ભારતીય માન્યતામાં સાતજન્મની કલ્પના કરવામાં આવી છે. આ આખ્યાનોમાં પણ પૂર્નજન્મની કથાઓ જોવા મળે છે. 'અભિમન્યુ આખ્યાન'માં અભિમન્યુના પૂર્વ-જન્મની કથા સોમપુત્રએ અભિમન્યુ તરીકે આવતાર લીધો ત્યારે દેવો સાથે શરત કરી હતી કે જગતપરનો પાપનો ભાર ઉતારવા સોળવર્ષની વયે તે શત્રુઓનો યુધ્ધમાં સંહાર કરી સ્વર્ગ લોકમાં પાછો ફરશે.

ભરતમુનિએ સંસ્કૃત સાહિત્યમાં કૃતિનો અંત સુખદ હોવો જોઇએ એ બાબતની તરફેણ કરી હતી. તે પ્રથાને પ્રેમાનંદ અનુસરે છે. તેમના બધાં જ આખ્યાનો નો અંત સુખદ આવે છે. 'મધુરેણ સમાપયેત' ઇશ્વર કૃપાથી સઘળું સુખદ, ભારતીય ન્યાય ભાવના પ્રમાણે સમાધાન પ્રેરક સુખદ અંત જ વધુ યોગ્ય ગણાય. ભલે નાયક પર દુ:ખ, વિપદાઓ આવી પડી પણ અંતે ઇશ્વરકૃપાથી સૌ સારા વાનાં થયાં, એવો અંત પણ શ્રોતાઓનો ગમવા લાગ્યો. પરિણામ સ્વરૂપ તે વેળાનાં સમાજમાં આખ્યાન લોકપ્રિય સાહિત્ય સ્વરૂપ તરીકે સ્વીકાર પામ્યું. મધ્યકાળના સમાજમાં ધર્મ સંસ્કાર સીંચવામાં અને તેનું પોષણ કરવાનું પુણ્યકાર્ય પ્રેમાનંદે કર્યુ. ભારતીય સંસ્કારની મશાલ પ્રજવલિત કરી, વાર્તારસ, મનોરંજન સાથે સંસ્કારની ખીલવણી પણ કરી.

**સંદર્ભ:**

૧.ઓખાહરણ : સંપાદક- મફત ઓઝા છઠ્ઠી આવૃત્તિ ૨૦૧૬

પ્રકાશક : આદર્શ પ્રકાશન

સારસ્વત સદન ૧૭૬૦ ગાંધી માર્ગ- અમદાવાદ.

૨.નળાખ્યાન : સંપાદક- અનંતરાય રાવળ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

બીજી આવૃત્તિ -૧૯૯૩
પ્રકાશક : કાંતિલાલ ગો.શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,અમદાવાદ.
૩.અભિમન્યુ આખ્યાન : સંપાદક- રમેશ મ.શુક્લ
બીજી આવૃત્તિ – ૨૦૦૪
પ્રકાશક – પંકજ આર.ગાંધી
ન્યુ પોપ્યુલર પ્રકાશન,ટાવર રોડ, સુરત.
૪. ચંદ્રહાસાખ્યાન – સંપાદક ચંદ્રશંકર ભટ્ટ- પૂર્ણિમા ભટ્ટ
બીજી આવૃત્તિ- ૧૯૯૫
પ્રકાશક- કૃષ્ણકાંત મદ્રાસી
આદર્શ પ્રકાશન,સારસ્વત સદન, ૧૭૬૦ ગાંધીમાર્ગ.
અમદાવાદ
૫. સુદામાચતિત્ર : સંપાદક ચંદ્રશંકર ભટ્ટ- પૂર્ણિમા ભટ્ટ
બીજી આવૃત્તિ- ૧૯૯૬
પ્રકાશક- કૃષ્ણકાંત મદ્રાસી
આદર્શ પ્રકાશન,સારસ્વત સદન, ૧૭૬૦ ગાંધીમાર્ગ.
અમદાવાદ
૬. રણયજ્ઞ : સંપાદક ચંદ્રશંકર ભટ્ટ- પૂર્ણિમા ભટ્ટ
પ્રથમ આવૃત્તિ- ૨૦૦૫
પ્રકાશક- કૃષ્ણકાંત મદ્રાસી
આદર્શ પ્રકાશન,સારસ્વત સદન, ૧૭૬૦ ગાંધીમાર્ગ.
અમદાવાદ
૭. ગુજરાતી સાહિત્ય મધ્યાકાલીન- અનંતરયરાવળ
પાંચમી આવૃત્તિ – ૧૯૯૨ પૃ.૧૦, ૪૫
પ્રકાશક : અમર ઠાકોરલાલ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

………………………………………………………………………………………………

ડૉ.એમ.ભાના આઇ., જે.એમશાહ કોલેજ.,જંબુસર ismailmbhana@yahoo.com